જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૨/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૨/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી ૯૨ લીટર દેશી દારૂ, ૪૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૫૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૦૩/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૩૦૪/૧૬

**વસ્ત્રાપુરઃ** હરેશભાઇ રવજીભાઇ પટેલ (રહે. શબરી કુટીર બંગ્લોઝ સરકારી વસાહત રોડ વસ્ત્રાપુર) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૧૬ કલાક ૧/૩૦ થી કલાક ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીના કાચ કાઢી ગ્રીલ વાળી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીની મુર્તીઓ અને રોકડ રૂપિયા ૪૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જયતિલાલ મણીલાલ ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૦૫/૧૬

**વસ્ત્રાપુરઃ** રેખાબહેન વિનોદરાય રાજ્યગુરૂ (ઉ.વ.૫૪) (રહે. ક્રિષ્ટયલ ટાવર, વિનાયક સોસાયટી અકોટા સ્ટેડિયમ પાછળ વડોદરા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૨/૧૨/૧૬ કલાક ૧૨/૧૫ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાપુર સિન્ધુભવન રોડ પકવાન કૃષ્ણ ફાર્મ પાર્ટી પ્લોટ લગ્ન પ્રસંગમાં નજર ચુકવી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઈ ગઈ છે. જે બેગમાં સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૬૪,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો..સ.ઈ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સેટેલાઈટઃ** અપુર્વભાઇ રોહીતભાઇ પંડ્યા (રહે.ધારી સોસાયટી પી.એન.ટી. કોલોની રોડ વાસણા) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૧૬ રાતના ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ શ્રીફળ પાર્ટી પ્લોટ ખાતેથી અજાણી વ્યક્તિ અલગ-અલગ પર્સમાંથી ડાયમંડ સેટ, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૪૮,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જી એન વાઘેલા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **પોલીસ સમાચાર નં.૨૩૦૬/૧૬**

**રામોલઃ** પાનમતીબહેન વા/ઓ વકીલભાઇ ગુપ્તા (ઉ.વ.૫૭) (રહે.મૌર્યનગર રામનગરની બાજુમા ન્યુ આર.ટી.રોડ વસ્ત્રાલ) તા.૧૨/૧૨/૧૬ બપોરના ૨/૪૫ વાગ્યાના સુમારે વસ્ત્રાલ ન્યુ આર.ટી.ઓની સામે આવેલ મ્યુનીસીપલ કોર્પોરેશનની ઓફીસ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષ પાનમતીબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧૨,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પાનમતીબહેન ગુપ્તાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન લાઠીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦૭/૧૬**

**વટવાઃ** મુકેશકુમાર રૂપાજી પ્રજાપતિ (ઉ.વ.૨૯) (રહે.ગામ-માંદડી તા.-આમેર જી-રાજસ્થાન) એ પત્ની રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૨/૧૨/૧૬ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે વટવા સાર્થક ટેનામેન્ટ ખાતે રહેતી મુકેશકુમારની બહેનના ઘરે રસોડામાં દોરી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકર ભાનુદાસ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)